Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૧ ફાલ્ગુન. પુસ્તક ૪૨ મું.

વિક્રમ સં. ૨૦૦૧ :: ઇ. સ. ૧૯૪૫ માર્ચ :: અંક ૮ મો

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

સુજ્ઞ સભાસદ બંધુઓ !

પૂજ્ય ગુરુદેવશ્રી **આત્મારામજી** (વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજની જયન્તી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ગયા અંકમાં જણાવ્યા મુજબ, બીજા ચૈત્ર સુદ ૧ તા. ૧૩-૪-૪૫ ને શુક્રવારના રોજ ઉજવવાનું નક્કી થયેલ હોવાથી, રાધનપુરનિવાસી શેઠ શ્રી મોતીલાલભાઇ મૂળજી હા. શેઠ શ્રી સકરચંદભાઈ તરફથી આ સભા મારફત સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં સ્વ. મહાત્માશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે, તે સ્થળે પૂજા ભણાવવામાં આવશે, તેમજ શ્રી આદિનાથ પ્રભુ તથા ગુરુદેવની આંગી રચાવવા વગેરે કાર્યોથી દેવગુરુભક્તિ કરવામાં આવશે અને બપોરના નવો ટાઇમ ૩-૦ કલાકે સર્વ સભાસદ બંધુઓનું સ્વામીવાત્સલ્ય શ્રી પૂરબાઇ ધર્મશાળામાં કરવામાં આવશે.

ઉપરોક્ત ગુરૂભક્તિના પ્રસંગનો લાભ લેવા પ્રથમ ચૈત્ર વદ ૦)) ના રોજ બપોરના ૩-૦ કલાકે પાલીતાણા જવાનું છે; તો અવશ્ય પધારશોજી.

સેક્રેટરીઓ,
ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ
શાહ વીઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

જિન સ્તવન.

(રાગ મેઘ મલ્હાર-બરસો રે-બરસો રે, કાલી બાદરીયા.)

મન રીઝે રે (૨) પ્રભુ દર્શન પામી,
અજબ ગતિ તારી—(૨) મન રીઝે૦
ચમકે વિદ્યુત સમ મુદ્રા—મન રીઝે૦
વાદલ સમ દુ:ખ દૂર હઠાવો, ઉજ્વલ ઊરમાં ભાવ વસાવો;
અંતર ચક્ષુ ઉઘાડો પ્રભુ—ચરણમાં વસાવો રે—મન રીઝે૦
આ ભવમાં આધાર તમે છો,
સર્વ સુખનો સાર તમે છો—
મુનિ હેમેન્દ્ર સદા તુમ શરણે,
અજિત ધામ અપાવો રે—મન રીઝે૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠશ્રી ચંદુલાલભાઇ ત્રિભુવનદાસ શાહ મુંબઇ.

યૌવનાવસ્થા, નિરોગી શરીર, વૈભવ અને સંપત્તિવાન હોવા છતાં સાદાઇ, માયાળુપણું અને નમ્રતા સાથે યથાયોગ્ય ગુપ્ત દાનનો પ્રવાહ નિરંતર ચાલુ રાખવો એ સુકૃતની લક્ષ્મી અને પુણ્યોદય સિવાય બની શકતું નથી. આ સર્વ ભાઇશ્રી **ચંદુલાલ**ને સાંપડેલ છે. શેઠશ્રી **મંગળજી જશરાજ**ના સદ્દગત પુત્ર શ્રીયુત **ત્રિભુવનદાસભાઇ**નું મૂળ વઢવાણ શહેરમાં નિવાસસ્થાન હતું. તેઓશ્રી વીમાની લાઇનના એક નિષ્ણાત અને મુંબઇ શહેરમાં પ્રખ્યાત પુરૂષ હતા સાથે સંસ્કારી અને ધર્મશ્રદ્ધાળુ પણ હતા. શ્રીયુત ત્રિભુવનદાસભાઇનો સ્વર્ગવાસ થતાં તેમના કુટુમ્બનો ભાર તેમના સુપુત્ર ભાઇશ્રી ચંદુલાલને માથે પડ્યો. તે વખતે લઘુવય હોવા છતાં ધંધાની તાલીમ સદ્દગત પિતાની પાસેથી મેળવેલ હોવાથી, પોતાના પૂજ્ય પિતાશ્રીની મીલ્કતનો વારસો લેવા સાથે વીમાની લાઇન પણ જાણે વારસામાં જ મળી હોય તેમ આ લાઇનની શરુઆત કુશળતાપૂર્વક શરૂ કરી થોડા વખતમાં જિંદગીના વીમાનું કામકાજ શરૂ કર્યું.

પૂર્વના પુણ્યયોગે ધંધાની નિપુણતા અને મુંબઇની પ્રજા અને સંબંધીઓના ચાહ અને પ્રેમથી ધી ક્રાઉન લાઇફ ઇન્સ્યૂરન્સ કંપની જે સદ્ધર ગણાય છે, તેના પ્રથમ એજંટ થયા. તેમના સુપ્રયત્નવડે મોટી સંખ્યામાં આ કંપનીને બીઝનેસ મળવાથી એક યુરોપીયન ગૃહસ્થને છાજે તેમ કંપનીની બોર્ડે મોટા પગારે તેમની **ડેપ્યુટી મેનેજર** તરીકે નિમણુંક કરી. પ્રથમના પુરૂષાર્થ અને ઉપરોક્તવડે લક્ષ્મી સારી પ્રાપ્ત થવા લાગી. કુટુમ્બના ધાર્મિક સંસ્કાર તો તેમનામાં ઉતરેલા હતા અને તરતજ સમય ઓળખી આત્મકલ્યાણની ભાવના સાથે રાષ્ટ્રીય નિર્દોષ ભાવના જાગી, તેથી કુટુમ્બ, સમાજ અને રાષ્ટ્રીય બાબત તથા બંને પ્રકારની કેળવણી પ્રત્યે કંઇ સેવા, તેમજ દાન કરવાની ભાવનાથી ગુપ્ત સખાવતોની શરૂઆત કરી. અત્યાર સુધીમાં રૂપિયા એક લાખ ઉપરાંતની સખાવત ચારે ખાતામાં ઉદારતાપૂર્વક કરી દાનનો પ્રવાહ ચાલુજ રાખ્યો; જે સમાચાર આ સભાના સેક્રેટરીને મળતાં સભામાં પ્રસંગવશાત્ વાત મૂકતાં આવા ગુપ્ત દાનેશ્વરી ભાઇ ચંદુલાલ આ સભાના પેટ્રન થાય એ ઇચ્છવાજોગ છે જે ઉપરથી તે માટે વિનંતિ કરતા તેઓ આ સભાના પેટ્રન થયા છે. જેથી ખુશી થયા જેવું તો એજ છે કે, પોતાની સારામાં સારી આવકમાંથી કુટુમ્બ, જીવન-નિર્વાહથી વધારે ટકા સખાવતોમાં (દાન દેવામાં) આપવાનું તેનું બજેટ-નિર્ણય જાણી આ સભાને પરમ આનંદ થયો છે. આવા એક નરરત્ન પુરૂષ ભાઇશ્રી ચંદુલાલ દીર્ઘાયુ થઇ, સુખશાંતિપૂર્વક આત્મકલ્યાણ સાધે, બન્ને પ્રકારની લક્ષ્મી વિશેષ પ્રાપ્ત કરે અને દિવસાનુદિવસ યશ વધવા સાથે અનેકગણો દાન પ્રવાહ જીવનમાં વહેવરાવે તેમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે. આવી સખાવતો અનુકરણીય હોવાથી તેટલો પરિચય ઉપરોક્ત રીતે ફોટા સાથે આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન—



શેઠશ્રી ચંદુલાલભાઈ ટી. શાહ.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધર્ષિગણિવિરચિત

સંસ્કૃત શ્રી જિન સ્તવન : અનુવાદ.

(ઉપજાતિવૃત્ત.)

અપાર ને ઘોર ભવાબ્ધિમગ્ન, એવા જનો ઉદ્ધરવા નિમગ્ન;
આ ઘોર સંસાર વિષે પ્રભૂજી, ભૂલી ગયા શૂં મુજને વિભૂજી ? ૧
સદ્‌ભાવથી મેં તુજને સ્વીકાર્યો, દુજો ન છે તારક કોઇ મારો;
આનંદદાતા ભુવનેશ નાથ ! વિલંબ તૂં કેમ કરે સુતાત ? ૨
જિનેંદ્ર ! તૂં છે કરુણાસમુદ્ર, હું દીન તૂં વત્સલ દેવ શુદ્ધ;
ન તારવૂં દીનતણે સુરેશ ! શૂં યોગ્ય છે એ તુજને જિનેશ ? ૩
કાંતારમાં દીન હું એકલો છૂં, ભીતિભરેલો મૃગબાલ હૂં છું;
દયાળુતા શ્રી જિન કેમ ભૂલો ? હૂં એકલો કયાં ભટકું અટૂલો ? ૪
હૂં સંભ્રમે ચંચળ નેત્રધારી, આધાર કોનો નહિં મોહવારી;
તારા વિના હૂં વિરહી બનીને, વિનાશમાર્ગે અગતિક થૈને. ૫
સંભાર તૂં ખાસ અનંતવીર્ય, આલંબને તારક શાંત ધીર;
ઉતાર તૂં પાર ભવાટવીથી, ભયો હરી તૂં મુજ તાર તોથી. ૬
ન સૂર્યથી અન્ય વિકાસકારી, સરોવરોમાં કમલો વિહારી;
તારા વિના નિવૃત્તિ કોણ ભાવે, નમૂં જગન્નેત્ર ! તને સુભાવે. ૭
શૂં માહરા કર્મતણો જ દોષ ? વા માહરા આત્મતણો જ દોષ ?
કિંવા હશે શૂં હત કાલ દોષ ? અભવ્ય છૂં હૂં અથવા અશેષ. ૮
સદ્‌ભક્તિથી આજ્ઞ પ્રભૂ થયો છે, અનન્ય તેવી ગતિ ના દિસે છે;
હે દેવદેવેશ જગન્નિવાસ ! તેથી પ્રભો ખાસ થયો નિરાશ. ૯
લીલાથકી તૂં સહુ કર્મજાલ, કાપે કૃપાસિંધુ ! અશેષ કાલ;
યાચૂ થઇ દીન હું મુક્તિ દાન, કરે ઉપેક્ષા કિમ તૂં સુજાણ ? ૧૦
ખરૂં કહૂં છૂં તુજ વિશ્વનાથ, નથી મને અન્ય શરણ્ય સાથ;
માટે મને તાર ત્વરા કરીને, ખરે નિરાધાર રહ્યો હરીને. ૧૧
તૂં એક માતા મુજને પિતા તૂં, બંધૂ ગુરુ સ્વામી અને બધૂં તૂં;
તૂં જીવનો જીવન હે પ્રભુ તૂં, આનંદ તૂં એક અનન્ય છે તૂં ૧૨
તૂં જો તિરસ્કારીશ સ્વામિનાથ ! હૂં મીન પાણી વિણ દીન ભ્રાંત;
નિરાશ થૈ દૈન્ય વરી નિતાંત, મરીશ હૂં ખાસ વરીશ સ્વાંત. ૧૩
તારા વિષે ચિત્ત વિલીન મારું, પ્રતીત છે એ મુજને જ સારું;
તૂં જાણ છે વિશ્વમનોજ્ઞ સિદ્ધ, જણાવવૂં શૂં તુજને પ્રસિદ્ધ ૧૪
તૂં. એક ભૂભારકર જ્યોતિરૂપ, મચ્ચિત્ત–પદ્મો વિકસે સ્વરૂપ;
સ્વકર્મ કોષો કરી ભેદ છેદ, તારા સ્વરૂપે વિકસે અભેદ. ૧૫
હે નાથ ! તૂં વ્યાપૃત લોકચિત્ત, અનંત રૂપે નિરૂપાધિ સત્ય;
દયા ખરી નાથ ! કયા સ્વરૂપે, મારા વિષે છે નહિ જાણમાં છે. ૧૬

(અપૂર્ણ)

બાલચંદ હીરાચંદ કવિ–માલેગામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંક્ષિપ્ત બોધ વચનમાળા.

લેખક:—શ્રી વિજયપદ્મસૂરિજી.

(ગતાંક પૃષ્ઠ ૯૭ થી ચાલુ.)

૧૫. કર્મના બંધકાળ અને ઉદયકાળમાં સ્વાધીન કાળ એક બંધકાળ છે ને કર્મને બાંધતી વેળાએ સાવચેત રહેનારા જીવો દુઃખી થતાં નથી. કર્મનો બંધ થયા પછી અબાધાકાળ વીત્યા બાદ તે કર્મ ઉદયમાં આવે, ત્યારે મનમાં એમ વિચાર આવે કે આવું દુઃખ ન ભોગવવું પડે તો સારું. વ્યાજબી જ છે કે–કોઇને પણ દુઃખ ભોગવવું ગમે જ નહિ પણ કર્મનો ઉદય થયા પછી તે ભોગવ્યા વિના કેમ ચાલે ? અર્થાત્ બાંધેલા કર્મો ભોગવવા જોઇએ. ઉદયકાળમાં કોઇનું કાંઈ પણ ચાલતું નથી, આ અપેક્ષાએ ધ્યાન રાખીને પરમતારક શ્રી તીર્થંકર દેવોએ ઉદયકાળ એ પરાધીન કાળ છે એમ કહ્યું છે.

૧૬. જેમ આંબાને વાવતાની સાથે જ ફળ ન આવે પણ અમુક સમય વીત્યા બાદ ફળ આવે, તેમ દરેક કર્મ બાંધ્યા પછી તરતજ તેનો ઉદય થતો નથી, પણ અમુક સમય વીત્યા બાદ જ ઉદય થાય. તેટલા ટાઇમનું નામ અબાધાકાળ કહેવાય.

૧૭. પાપનું ફળ ખરાબ હોવાથી કોઈ તેને ચાહતું નથી પણ પાપના કારણોનો જ્યાં સુધી ત્યાગ ન કરીએ ત્યાં સુધી તેવા પાપકર્મના ખરાબ ફળ ભોગવવા જ પડે છે. ધર્મારાધનના સારા ફળ સૌ કોઇ ચાહે છે, પણ ધર્મારાધન પ્રત્યે તો રુચિ પણ થતી નથી તો ધર્મને સાધવાની વાત જ કયાં રહી ? એટલે જિનધર્મની પરમ ઉલ્લાસથી આરાધના કરનારા ભવ્ય જીવો જ–દેવતાઇ સુખના લાભથી માંડીને ઠેઠ મુક્તિના સુખ સુધીના ફળો પામી શકે છે ને રાચીમાચીને પાપકર્મ ન કરીએ તો જ પાપનું ફળ ન ભોગવવું પડે. આ વાતને ટૂંકામાં નીતિવેત્તાએ જ જણાવી છે કે—

धर्मस्य फलमिच्छन्ति मानवाः ।
फलं नेच्छन्ति पापस्य, पापं कुर्वन्ति सादराः॥१॥

૧૮. જ્યાં સુધી હૃદયમાં ખરાબ વાસનાઓ અંજન(મેશ)થી ભરેલી ડાબડીની પેઠે ઠસોઠસ ભરી હોય ત્યાં સુધી સારામાં સારા શ્રી જિનધર્મનાં ઉપદેશની અસર કઇ રીતે થાય ? અર્થાત્ ન જ થાય. એક વાસણમાં અમુક ચીજ ઠસોઠસ ભરી હોય તેમાંથી જ્યાં સુધી તે ભરેલી ચીજ ખાલી ન કરીએ ત્યાં સુધી બીજી વસ્તુ સમાય જ નહિ. આ બાબતમાં વિષ્ઠાના ભમરાનું ને કમલના ભમરાનું દૃષ્ટાંત ખાસ સમજવા જેવું છે–તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. તે બંને ભમરાને મિત્રાચારી હતી. અરસપરસ તેઓ એક બીજાને સ્થાને મળવા જતા હતા. કમળનો ભમરો વિષ્ઠાના ભમરાને મળવા જાય, ને વિષ્ઠાનો ભમરો કમળના ભમરાને મળવા જાય. એક વખત કમળના ભમરાએ પોતે જે કમળમાં રહે છે તેની સુગંધીના વખાણ કર્યા, ને વિષ્ઠાના ભમરાને પોતાના સ્થાને આવવા જણાવ્યું. તે વાત કબૂલ કરીને વિષ્ઠાનો ભમરો નાકમાં બે ગોળી ભરાવીને કમળના ભમરાને મળવા ગયો. તેણે તેને કમળ ઉપર બેસાડી પૂછ્યું કે–કેમ ? કમળની સુગંધી કેવી આવે છે ? વિષ્ઠાના ભમરાએ કહ્યું કે–મને તો કંઈ સુગંધ જણાતી નથી. આ સાંભળીને કમળના ભમરાએ બારીકાઇથી તપાસ કરી તો જણાયું કે તેના નાકમાં વિષ્ઠાની બે ગોળીઓ છે. આ બંને ગોળી કાઢવા માટે કમળના ભમરાએ તેને ઉચકીને તળાવના પાણીમાં ઝબોળ્યો, તેથી બંને ગોળી નીકળી ગઇ. તે પછી વિષ્ઠાના ભમરાને કમળ ઉપર બેસાડ્યો ત્યારે કમળની સુગંધીનો અનુભવ કરનાર વિષ્ઠાના ભમરાએ કમળના ભમરાને આ પ્રમાણે ઠપકો આપ્યો કે–તું તો પેટભરો થઈને આવા ઉત્તમ કમળની સુગંધીનો એકલો જ અનુભવ કરે છે, અત્યાર સુધી મને આવી કમળની સુગંધીનો લાભ પણ ન લેવા દીધો, એ શું ઠીક કહેવાય ? કમલના ભમરાએ કહ્યું કે–તને જો આ સ્થાન ગમતું હોય તો ખુશીથી અહીં રહે ને સુગંધનો અનુભવ કર. આ સાંભળીને વિષ્ઠાનો ભમરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં રહેવા લાગ્યો ને કમળની સુગંધીનો દિન-પ્રતિદિન પરિચય વધતાં, તે પોતાના વિષ્ટારૂપ સ્થાનને ભૂલી ગયો. વ્યાજબી જ છે કે જેવો સંગ થાય તેવા જ રંગ જામે. આ કાલ્પનિક દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે જાણવી. વિષ્ટાના ભમરાના નાક જેવા સંસારી જીવોનું મન જાણવું. કમળના ભમરા જેવા ગુરુ-મહારાજ ને કમળની સુગંધી જેવો ગુરુમહારાજનો ઉપદેશ જાણવો. બાકીની બીના સમજાય તેવી છે.

૧૯. પ્રભુદેવની વાણી નોળવેલ નામની વનસ્પતીના જેવું કામ કરે છે. સંસારી જીવો નોળીયા જેવા જાણવા. જેમ નોળીયાને સર્પ કરડે ત્યારે નોળવેલને સૂંઘી તે (નોળીયો) સર્પનું ઝેર ઉતારે, તેમ સંસારી જીવોને ક્ષણે ક્ષણે વિવિધ ઉપાધિરૂપી સર્પો કરડી રહ્યા છે. પ્રભુદેવની વાણીરૂપી નોળવેલ સૂંઘીને એટલે સાંભળીને સંસારી જીવો વિવિધ ઉપાધિરૂપી સર્પનું ઝેર ઉતારે છે.

૨૦. આત્મદૃષ્ટિ તરફ લક્ષ રાખી વિચાર કરતાં જણાય છે કે-પાપ કરવામાં બહાદુરી નથી પણ પાપથી બચવામાં છે.

૨૧. કરોડો રત્નોના દાન કરતાં પણ માનવ જિંદગીના એક સમયની કીંમત વધી જાય; કારણ કે આપણે કોઇને કરોડો રત્નો દઇએ તો પણ તેની તાકાત નથી કે ગયેલો સમય પાછો લાવી દે, માટે જે ભવ્ય જીવ પોતાના આયુષ્યનો એક ક્ષણ પણ નકામો એટલે ધર્મારાધન કર્યા વગર ન જવા દે તે જ ખરો જીવ બુદ્ધિશાલી કહી શકાય. કહ્યું છે કે—

" स्वायुषः क्षणमपि प्रमादतो ये वृथा न गमयंति मेधसः " ॥

૨૨. ઉત્તમ પુરુષો બીજાના જુદા થયેલા હૃદયને સમજાવીને એક કરે છે માટે તેઓ સોય જેવા કહેવાય. ને દુર્જન પુરુષો એક બીજાના હૃદયની એકતાનો નાશ કરે છે તેથી તેઓ કાતર જેવા કહેવાય છે; માટે દુર્જનની સોબત તજીને સજ્જન પુરુષની સોબત કરવી. (ચાલુ)

જાણવા યોગ્ય કથંચિત્ વિવિધ ઉક્તિઓ.

સંગ્રા-શ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક)

મિત્રને કડવા સત્યો સંભળાવવાની રીત— મિત્ર ! તું પત્થર સાથે માથું પટકે છે. તારા અભિપ્રાયની કોઇ પરવા કરતું નથી. તારા મિત્રો તારાથી દૂર રહેવામાં મઝા માને છે. તું એટલો બધો ડાહ્યો છે કે તને કોઇ કંઇ કહી શકતું નથી, કોઇ તને કહેવા આવવાનું નથી, કેમ કે તેમ કરવામાં સાર નથી. ઊલટું તેમ કરવાથી તેની આપદા વધી જશે. પરિણામે તું જાણે છે, તેથી વધારે જાણી શકવાનો નથી અને તું જે જાણે છે તે બહુ નજીવું છે.

બીજાના વિચારો પર સીધા પ્રહાર નહિ કરતા સામાની મૂર્ખતા કે ખોટી વાત છે એમ નહિ બતાવતા જવાબ વાળવાની રીત— અમુક સંજોગોમાં તેનો મત ખરો ગણાશે, પણ હાલના સંજોગોમાં મને કેટલોક તફાવત જણાય છે વિગેરે.

લોકોને તમારા વિચારના બનાવવાના માર્ગો— લોકો સાથે વાત કરતી વખતે જે બાબતમાં તમને મતભેદ હોય તે બાબતની શરૂઆતમાં ચર્ચા કરશો નહીં, જે વિષયમાં તમે સંમત હો તે વિષય પર ભાર મૂકીને ચર્ચાની શરૂઆત કરજો. બની શકે તો મક્કમતાથી કહેજો કે વસ્તુતઃ બન્નેનો હેતુ એક જ છે, પણ એ હેતુ બર લાવવાની રીત બાબત મતભેદ છે. શરૂઆતથી સામો માણસ હા હા કહેવા માંડે તેવી રીતે વાત કરજો અને બને ત્યાં સુધી તેને ના કહેતા અટકાવજો.

કડવાશનો અંત આવે, સારી લાગણી ઉત્પન્ન કરીને અને સામો માણસ તમારી વાત લક્ષપૂર્વક સાંભળવાને તૈયાર થાય એવું જાદુઈ વાક્ય— હંમેશ વાતની શરૂઆત આ પ્રમાણે કરજો " તમને જે જાતની લાગણી થાય છે તેમાં તમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્ર કસુર નથી. તમારી જગ્યાએ હું હોત તો મને પણ આવાદ એવી જ લાગણી થાત. ”

મીઠો ઠપકો—કેટલીક વાતો એવી છે કે જે સંબંધી મને તમારા તરફથી સંતોષ થતો નથી. અત્યારે તે અવસર નથી ને ભવિષ્યને માટે પણ બીનઅવસરને યોગ્ય છે.

લોકોની ભૂલ સીધી રીતે નહિ પણ આડકતરી રીતે બતાવો—તૈયાર કરેલું ભાષણ (લેખ) બરોબર નહોતું પોતાના પતિને કહે છે કે–' નૉર્થ અમેરિકન રીવ્યુ માટે આ લેખ ઘણો સુંદર ગણાશે ' આ રીતે પોતાના પતિની તારીફ કરી પણ સાથે આડકતરી રીતે તેને સમજાવી દીધું કે–' દેવળના તખ્તા પર આ ભાષણ ચાલી શકશે નહિ '

કોઈને હુકમ ગમતો નથી—' આમ કરો ને પેલું ના કરો ' તેને બદલે ' તમે આ વાત પર વિચાર કરજો. આમ કરવાથી સારું પરિણામ આવશે. એમ તમે ધારો છો ? ' એક કાગળ લખાવ્યા પછી પૂછવું ' તમે આ વિષે શું ધારો છો ? '

આવી યુક્તિથી એક માણુસ સહેલાઇથી પોતાની ભૂલ સુધારે છે.

ભૂલ સુધારવાનો સરળ ઇલાજ—સામા માણુસને અક્કલ નથી, ડોબા જેવો છે તેમ નહિ કહેતાં તેનામાં અમુક કામ કરવાની લાયકાત છે, પણ તેની શક્તિ ખીલવવાની જરૂર છે.

બીજાઓને ગુસ્સે કર્યા વિના સુધારવાનો નિયમ—ઉત્તેજન આપો. જે દોષ તમે સુધારવા માંગતા હો તે સુધારવાનું સહેલ છે એમ બતાવો. જે કામ તમે બીજા પાસે કરાવવા માંગતા હો તે ઘણું સહેલું છે એમ કહો.

(ડૅલ કારનેગીના ગ્રન્થ ઉપરથી પૃથક્ પૃથક્ ઉધ્ધૃત)

उपाध्याय श्रीमद् यशोविजयजीनुं जीवन रहस्य ।

(ગતાંક પૃષ્ઠ ૧૦૯ થી શરૂ)

શ્રી યશોવિજયજીનું દષ્ટિબિંદુ વિશેષ હતું; દિગંબર ગ્રંથ સમાધિતંત્રનું હિંદુસ્તાની ભાષામાં દોધક છંદમાં એમણે ભાષાંતર કર્યું છે; દિગંબરાચાર્યકૃત અષ્ટસહસ્રી નામના ગ્રંથ ઉપર વિવરણ કરેલું છે; જેમ શ્રી હરિભદ્રસૂરિએ બૌદ્ધદર્શનના એક ન્યાયગ્રંથ ઉપર ટીકા લખી હતી અને બૌદ્ધો તરફના વિશાળ દષ્ટિબિંદુ (Comprehensive view) નો દાખલો બેસાડયો હતો તેમ ઉપાધ્યાયજીએ પણ પતંજલિના યોગશાસ્ત્રના કૈવલ્યપાદ ઉપર ટીકા લખી છે.

ભરપૂર વહેતી નદીઓના પ્રવાહો જેમ નહેરમાં વહેંચાઇ જઇ ગામો અને ખેતરોને પ્રફુલ્લિત અને રસભરિત બનાવે છે તેમ શ્રીમદ્દનું સાહિત્યજીવન અનેક આધ્યાત્મિક અને સામાજિક ક્ષેત્રોમાં વહન થયેલું છે. અનેકાન્તવ્યવસ્થા જેવા ગ્રંથોમાં શ્રીમદ્ આનંદઘનજીની “ સકલ નયવાદ વ્યાપી રહ્યો–તે શિવ સાધન સંધિ રે ”–એ ઉક્તિને સાર્થક કરી રહ્યું છે.

ऐं એ મંત્રના બીજાક્ષરથી સરસ્વતી દેવીએ તેમને ગંગા કાંઠે સંતુષ્ટ થઇ તર્ક અને કાવ્યનું વરદાન આપેલ હતું તેમ તેઓ પોતે જણાવે છે. તેથી **ऐंद्र** શબ્દ ઘણેભાગે તેઓ પોતાની સંસ્કૃત ગ્રંથરચનાના પ્રારંભમાં મૂકે છે.

“ નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર ”–આ વાક્ય શ્રી ઉપાધ્યાયજીના તમામ ગ્રંથોનું–વ્યવહાર અને નિશ્ચયના પ્રતિપાદન રૂપે અને જૈન દર્શનના અનેકાંતવાદના સાર તરીકેનું સૂચક છે. સવાસો ગાથાના સ્તવનમાંનું આ વાક્ય છે. વળી “ કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવ પાર ”–આ તેમના બારમા પ્રભુના સ્તવનમાં સાદી રીતે બતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેલી સંસાર અને મોક્ષની સમજાવટનો સાર છે. એમણે સમુદ્ર–વહાણ સંવાદ પણ સરળ ભાષામાં વૈરાગ્યની ઉપદેશક શૈલીએ રજૂ કર્યો છે. કર્મપ્રકૃતિ ગ્રંથ ઉપર ટીકા લખી કર્મગ્રંથનું ઉત્તમ જ્ઞાન અને દ્રવ્યગુણપર્યાયનો રાસ ગુર્જર ભાષામાં બનાવી દ્રવ્યાનુયોગના ઉચ્ચ જ્ઞાનની સાબિતી પૂરી પાડી છે. એમના ગુજરાતી દ્રવ્યગુણપર્યાય રાસ ઉપરથી દ્રવ્યાનુયોગતર્કણા સંસ્કૃત ગ્રંથ બનેલો છે.

વાદી તરીકે તેઓ જબરજસ્ત હતા. એમના જમાનામાં લગભગ થોડાક વર્ષો પૂર્વે સ્થાનકવાસી સંપ્રદાયની ઉત્પત્તિ થઇ, અને તે ખાતર એટલે સ્થાપનાનિક્ષેપની પુષ્ટિ માટે એમનો પ્રચાર પ્રતિમાશતક વિગેરે ગ્રંથો બનાવવા માટે થયો; અને તે ખાતર ખંડન–મંડનમાં પણ તેમને ગ્રંથસાહિત્યમાં ઉતરવું પડયું.

નિશ્ચય અને વ્યવહારમાં મુખ્યતા અને ગૌણતાપૂર્વક એમની ગ્રંથસમૃદ્ધિમાં અનેક શ્લોકોનું દર્શન થાય છે. તે હકીકત ગુજરાતી ભાષામાં પણ તેમણે ઉતારી છે. "બાહ્ય ક્રિયા છે બાહિરયોગ, અંતરક્રિયા દ્રવ્યાનુયોગ "–"બાહ્ય હીન પણ જ્ઞાન વિશાળ ભલો કહ્યો મુનિ ઉપદેશ માળ "–એ કાવ્યદ્વારા અધ્યાત્મની મુખ્યતા કરે છે અને "યોગ અસંખ્ય છે જિન કહ્યાં, નવપદ મુખ્ય તે જાણો રે; એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણોરે."–વિગેરે કાવ્યદ્વારા ક્રિયા નયની પણ પુષ્ટિ કરે છે. આ રીતે જ્ઞાન અને ક્રિયા નયનો સમન્વય ગૌણ મુખ્યતાપૂર્વક સાધે છે.

આધુનિક શુષ્ક અધ્યાત્મીઓની પેઠે એઓશ્રી શુભ એટલે પારમાર્થિક શુભ અનુષ્ઠાનોને છોડી શુદ્ધ એટલે માત્ર આત્માનું જ અવલંબન કરનારા નહોતા. શુભની મુખ્યતા કરી શુદ્ધ તરફ–નિશ્ચય દૃષ્ટિ તરફ–પ્રયાણ કરવાનો તેમનો ઉપદેશ હતો. પ્રચંડ વિદ્વત્તા છતાં ન્યાયલોકપ્રશસ્તિમાં **अस्माकं चरणगुणहीनानां** એ શબ્દો કેટલાં નમ્રતાસૂચક છે ?

લગભગ ૬૩ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સં. ૧૭૪૩ માં દર્ભાવતી (ડભોઇ) શહેરમાં મૌન એકાદશીની તિથિએ આસપાસના મનુષ્યો વચ્ચેથી યથોચિત માન સ્વીકારી લઇ સ્થૂળરૂપ અદૃશ્ય થઇ સ્વર્ગવાસી થયા. જૈન દર્શનનો પ્રખર જ્યોતિર્ધર અસ્ત થયો; પરંતુ એમનો આત્મા એમના પ્રત્યેક ગ્રંથોમાં વિદ્યમાન જીવન્ત અમર છે; અને તે તે ગ્રંથોનું અધ્યયન સૂક્ષ્મતાથી કરનારને અદૃશ્ય આધ્યાત્મિક શક્તિ અર્પી રહ્યો છે; આપણે એમની આજની સ્વર્ગવાસની તિથિએ પ્રતિજ્ઞાદ્વારા સંકલ્પ કરીએ કે–યથાશક્તિ એમના ગ્રંથોનું પરિશીલન ચાલુ રાખી, સાર ગ્રહણ કરી, કૃતકૃત્ય થવા પ્રેરણા મેળવી આત્મિક ઉન્નતિ અને વિકાસ પ્રકટ કરીએ.

પ્રો૦ સર્વપલ્લી રાધાકૃષ્ણન એક સ્થાને કહે છે કે—The objective of conduct may be defined as a continuous discipline of human nature leaving to a realization of the spiritual–અર્થાત માનવજાતિને સતત શિસ્ત કર્યે જવી એ નિકટનું ધ્યેય અને આત્મસાક્ષાત્કાર એ અંતિમ ધ્યેય–આવા જ દૃષ્ટિબિંદુથી શ્રીમદ્ ઉપાધ્યાયજી આપણને સમગ્ર રીતે અવલોકન કરતાં લાગે છે; પોતાની જ બનાવેલી ઉપાધ્યાય પદની પૂજામાં જગતના બંધુ અને જગતના ભ્રાતારૂપે શબ્દોદ્વારા સિદ્ધ થયા છે; ઉદાત્ત વિશાળ પ્રતિભાવાળું, વૈરાગ્યમય અને કલ્યાણકારી ભાવનાભર્યું એમનું ચારિત્રમય જીવન અન્યને દૃષ્ટાંતરૂપ હોઇ પોતાની સૌમ્ય પ્રભા અને જ્વલંત શક્તિથી વિરાજિત અને ચિરસ્મરણીય થઇ ગયેલું છે અને **जयति तेऽधिकं जन्मना जगत्**–એ કવિ ભવભૂતિની ઉક્તિ સાર્થક કરી રહ્યું છે. આવા મહાત્માશ્રી ભર્તૃહરિના વાક્યમાં જૈન સમાજના જ નહિં પરંતુ **अलंकरणं भुवः**–પૃથ્વીના અલંકારરૂપ છે; એમને આજે સ્મરણાંજલિ અર્પી કૃતાર્થ થઇએ.

મુંબઇ–સં. ૨૦૦૧ મૌનએકાદશી. } **શા. ફતેહચંદ ઝવેરભાઈ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

॥ योगानुभवसुखसागर ॥

સં.–"મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ."
વિસનગર.

(૧)

યોગીઓને બ્રહ્મચર્ય એ ચારિત્રયોગના પ્રાણ સમાન છે, કારણ કે પરમ બ્રહ્મ–સચ્ચિદાનંદ (મોક્ષ)-ની પ્રાપ્તિમાં એ બ્રહ્મચર્ય કારણ બને છે, તે જ કારણથી બ્રહ્મચર્યને ધરનારા પુરુષો, લોકથી પૂજાતા દેવ–દેવેન્દ્ર ચક્રવર્તી રાજાઓને પણ પૂજનીય બને છે. (૫) અપરિગ્રહત્વ–પરિગ્રહનો ત્યાગ કરવો તે. જે જે વસ્તુ નજરે પડે તેના ભોગની વાંછા અજ્ઞાનતાનાયોગે જીવને થાય તેવી વસ્તુને સંઘરવા માટે ઇચ્છા જાગે, તેમાં રાગ બંધાય, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, ઘર, જમીન, દાસ, દાસી, હાથી, ઘોડાગાડી યા પાલખી વિગેરેનો મમત્વ મૂર્ચ્છાભાવે સંગ્રહ કરાય તે પરિગ્રહ કહેવાય છે. તેવી વસ્તુઓનો ત્યાગ કરવો તે દ્રવ્ય પરિગ્રહ કહેવાય. અભ્યંતર ત્યાગ મૂર્ચ્છા મમત્વ ન રાખવો તે ભાવ પરિગ્રહ ત્યાગ કહેવાય છે. કહ્યું છે કે—

न सो परिग्गहो वुत्तो नाइपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥१॥

ધન, ધાન્ય, સુવર્ણ, રત્નાદિ, માણિક્ય પરિગ્રહ કહેવાય છે, તે સાચો પરિગ્રહ નથી. પણ તે વસ્તુઓ પર મારાપણાની જે વૃત્તિ (બુદ્ધિ) એ વસ્તુઓ મારી છે, બીજાને માટે ખપમાં ન જ આવે, મારે ભોગવવી જોઇએ તેવી જે બુદ્ધિરૂપ મૂર્ચ્છા તે જ સાચો પરિગ્રહ છે તેમ મહર્ષિ–ભગવાન જ્ઞાતપુત્ર મહાવીર દેવ કહે છે. આ જગતમાં મૂર્ચ્છાપરિગ્રહ મોટા દુ:ખનું કારણ થાય છે. કપીલની પેઠે બે જ માસા માત્ર સોનાની વાંચ્છાથી છ ખંડના રાજ્યથી પણ સંતોષ નથી થતો, પરંતુ તેની કાંઇ પણ જરૂર નથી એમ જ્યારે મનમાં લાગે છે, ત્યારે સર્પ કાંચલીને છોડે તેમ પોતાની પાસેની વસ્તુને છોડી દે, તેનો રાગ છોડી દે ત્યારે આત્માને આનંદ થાય છે. કહ્યું છે કે—

संनिधौ निधयस्तस्य, कामगव्यनुगामिनो ।
अमरा: किंकरायन्ते, संतोषो यस्य भूषणम् ॥१॥

જેની પાસે સંતોષરૂપ આભૂષણો છે તેવા મહાત્મા પાસે આઠ સિદ્ધિ, નવનિધિઓ, સ્વર્ગની કામધેનુ માફક સેવા કરે છે. એટલું જ નહીં પણ દેવદેવેંદ્રો તેની સેવકની પેઠે આજ્ઞા પાલણ કરે છે. આ પાંચ વ્રતો સાધુ યોગીને સર્વથા હોય છે અને ગૃહસ્થ શ્રાવકોને અંશથી હોય છે. તે નિયમ ચિત્તવૃત્તિને દમનારા કહ્યા છે. તેને પાલનારા આત્મશુદ્ધિ કરવાવડે મુક્તિને આરાધી શકે છે. —(અપૂર્ણ)

સ્વીકાર–સમાલોચના.

૧ જિન સંગીત સરિતા—કર્તા મુનિરાજ શ્રી દક્ષવિજયજી મહારાજ (કિંમત બાર આના) આ બુકનાં ચાર તરંગોમાં ૧૨૪ સ્તવનો, સ્તુતિઓ તેમજ પાછળ સ્તુતિમંજૂષા વિદ્વત્તાભરી રીતે રચના કરી છે. ઠે. ફીકાભટ્ટની પોળ, અમદાવાદ.

૨ ભરત બાહુબલિ રાસ—અનુવાદક તથા સંપાદક પંડિત શ્રી **લાલચંદ** ભગવાનદાસ ગાંધી–વડોદરા. આ ગ્રંથમાં સં. ૧૨૪૧નું પ્રાચીન ગુજરાતી અનુપ્રાસ યમકમય વીરરસપ્રધાન યુદ્ધકાવ્ય તેની દેશી ભાષાઓના ઇતિહાસને પ્રકાશિત કરતી વિદ્વત્તાભરેલી પ્રસ્તાવના સાથે આપેલ છે. આ ગ્રંથ જૈન ઐતિહાસિક સાહિત્યને ઉપયોગી ગ્રંથ છે. કિંમત રૂા. ૧–૪–૦. ભાવનગરમાં શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળાથી મળશે.

અમારા નવા થનારા લાઇફ મેમ્બરોને નીચેના ગ્રંથો ભેટ અપાશે.

અમારૂં નવું સાહિત્ય પ્રકાશન.

૧ વસુદેવ હિંડી, ૨ કથારત્નકોષ, ૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, ૪ શ્રી સંઘપતિ ચરિત્ર, ૫ શ્રી મહાવીર દેવના વખતની મહાદેવીઓ.

ઉપરના પૂર્વાચાર્ય કૃત ગ્રંથોના ગુજરાતી અનુવાદો છપાય છે. નં. ૧–૪–૫ માં સહાયની અપેક્ષા છે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only